# 15 મી ઓગસ્ટ વક્તવ્ય



ભારતીય ઈતિહાસમાં સૌથી યાદગાર દિવસોમાંનો એક 15 મી ઓગસ્ટ છે. 15મી ઓગસ્ટ 1947ના રોજ લગભગ 200 વર્ષ અંગ્રેજોની ગુલામી સહન કરી, આપણો દેશ આઝાદ થયો. આપણે બ્રિટીશરો પાસેથી આપણી આઝાદી મેળવવા માટે ખુબ જ જહેમત ઉઠાવી હતી. સ્વતંત્રતા દિવસ પરના આ નિબંધ મા આપણે સ્વતંત્રા દિવસના ઇતિહાસ અને મહત્વ વિશે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ.

લગભગ બે સદીઓથી બ્રિટિશરોએ આપણા ઉપર રાજ કર્યું. અને આ જુલમોને કારણે દેશના નાગરિકને ઘણું સહન કરવું પડ્યું. બ્રિટિશ અધિકારીઓ આપણી સાથે ગુલામોની જેમ વર્તન કર્યું ત્યાં સુધી જ્યારે આપણે તેમની સામે લડવાનું ચાલુ ના કર્યું. કેટલાક નેતાઓ હિંસાનો માર્ગ પસંદ કરે છે જ્યારે કેટલાક અહિંસા પસંદ કરે છે, પરંતુ આનો અંતિમ ઉદ્દેશ દેશમાંથી બ્રિટીશરોને હાંકી કાઢવાનો હતો. અને 15મી ઓગસ્ટ 1947ના રોજ, લાંબા સમયથી રાહ જોવાનું સ્વપ્ન સાકાર થયું.



" દેશભક્તો સે હી દેશ કી શાન હૈ
દેશભક્તો સે હી દેશ કા માન હૈ
હમ ઉસ દેશ કે ફૂલ હૈ યારો
જિસ દેશ કા નામ હિન્દુસ્તાન હૈ "

15મી ઓગસ્ટના દિવસે સરકારી કચેરીમાં રજા હોય છે. સવારથી જ શાળા, કોલેજ, સંસ્થાઓ, સરકારી કચેરીઓમાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હોય છે. જેમાં ધ્વજવંદનની સાથે રાષ્ટ્રગાન ગાવું, દેશભક્તિ ગીતો ગાવાં,

દેશપ્રેમના નારા બોલાવવા તેમજ નૃત્ય, નાટક જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે. લોકો એકબીજાને મીઠાઇ- ચોકલેટ ખવડાવે છે. શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા રેલીઓ કાઢવામાં આવે છે. યુવાનો DJ માં દેશભક્તિના ગીતો વગાડી, બાઈક રેલીઓ કાઢી શહેરમાં ભ્રમણ કરે છે.

આ દિવસે સવારે શાળાઓમાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રગીત ગવાય છે. મીઠાઇ વહેંચવામાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે.

દિલ્હીમાં લાલકિલ્લા પર પ્રધાનમંત્રી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવે છે. તથા રાજપથ ઉપર ભારતીય સેનાના જવાનો દ્વારા પરેડ દ્વારા શક્તિપ્રદર્શન પણ કરવામાં આવે છે. જેમાં ત્રણેય દળોના જવાનો સામેલ હોય છે. પ્રધાનમંત્રી આ દિવસે પ્રજાને સંબોધે છે. સેનામાં ફરજ બજાવતાં જવાનોને પરમવીર ચક્ર, અશોક ચક્ર, શોર્ય ચક્ર આપી સન્માનિત કરવામાં આવે છે. દેશને વૈશ્વિક ફલક પર માન અપાવનાર ખેલાડીઓનું પણ સન્માન કરવામાં આવે છે.

આપણે આઝાદ થયા છીએ પણ હજુ પૂરેપૂરા આબાદ થયા નથી. 15મી ના દિવસે આપણે અપને શહીદો નેયાદ કરીએ. આપણે આપણા દેશની મહામુલી આઝાદીનું રક્ષણ કરવાની અને દેશને આબાદ કરવાની પ્રતિજ્ઞા લઈએ.

જય હિન્દ    જય ભારત




https://gujjuguruji.com/